જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૩/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૪૦/૧૫

## ગેરકાયદેસર પશુઓની કતલ કરવા હેરાફેરીના ગુનામાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી આર.બી.રાણા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એ.એસ.આઇ. બશીર એ. મલેક નાઓ હેડ કોન્સ. જહાંગીરખાન ઇસ્માઇલખાન સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા શાહપુર મિર્ઝાપુર ચોક પાસે આવતા અમોને મળેલ બાતમી હકીકત સાબીર ઉર્ફે શબ્બીર ઉર્ફે કાલુ ઉર્ફે બકરી s/o અહેમદભાઇ ખત્રી ઉવ.૪૪ રહે, નાગોરીવાડ, પોલીસ ચોકીની સામે, ટેકરા ઉપર, શાહપુર, અમદાવાદ નાનો મળી આવેલ. જેને વેજલપુર પોલીસ સ્ટેશનના સે.ગુ.ર.ન. ૩૩૦૦/૨૦૧૩ પશુ સંરક્ષણ ધાર કલમ ૩,૫,૭, ૮ તથા પશુ ઘાતકી પણાની કલમ ૫,૮,૧૧ (એચ)(ડી)(ઇ)એફ વિગેરેના ગુના બાબતે પુછપરછ કરતાં તેણે જણાવેલ કે, હું તથા બાબુ ઉર્ફે બુચીયો શંકરભાઇ સેનમા સને ૨૦૧૩ ની સાલમાં બકરી ઇદના તહેવારના ત્રણ ચાર દિવસ અગાઉ એક ઓટો રીક્ષા માં મિર્ઝાપુરથી એક વાછરડું લઇ જુહાપુરા ખાતે નાંખવા જતા હતા તે દરમ્યાન અંજલી ચાર રસ્તા પાસે રીક્ષા પલટી ખાતાં તે સમયે હું ત્યાંથી ભાગી ગયેલ અને બાદમાં મને જાણવા મળેલ કે, બાબુ ઉર્ફે બુચીયો પોલીસમાં પકડાયેલ છે અને હું ત્યારથી નાસતો ફરતો હતો વિગેરે હકીકત જણાવેલ. જેથી સદરહું ઇસમને આજરોજ તા.૧૬/૦3/૨૦૧૫ ના કલાક ૨૦/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ છે. વધુ તપાસ અર્થે આરોપી તથા કાગળો વેજલપુર પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.